# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


---

રેફ નં. તા: ૦૫–૦૬–૨૦૦૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

( ડેપ્યુટી સેક્રેટરી )

---

## ચેમ્બરની ૬૯ મી વાર્ષિક સાધારણ સભા તથા પદગ્રહણ સમારોહ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની ૬૯મી વાર્ષિક સાધારણ સભા તેમજ વર્ષ ૨૦૧૦–૧૧ ના નવા વરાયેલા પ્રમુખ ડૉ. અજોય ભટ્ટાચાર્ય તથા ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ મહેતાની પદગ્રહણ વિધી સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સુરત ખાતે કેન્દ્રના નાણા મંત્રી માનનીય શ્રી પ્રણબ મુખર્જીના મુખ્ય મહેમાનપદે તથા કેન્દ્રના રાજ્ય કક્ષાના આદીજાતી કલ્યાણ મંત્રી ડૉ. તુષાર ચૌધરી, મેયર શ્રી રણજીત ગીલીટવાલા તથા એલ એન્ડ ટી. ના ચેરમેન એન્ડ મેનેજિંગ ડાયરેકટર શ્રી અનિલ નાયકના અતિથી વિશેષ પદે યોજાયો હતો. આ પ્રસંગે સુરતના ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોશ, શહેરના નામાંકિત અગ્રણિઓ, ઉદ્યોગપતિઓ, કોર્પોરેટ એકમોના વડાઓ, વેપારીઓ તથા ચેમ્બરના સભ્યો ખાસ ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમના આરંભે ભૂ.પૂ.પ્રમુખશ્રી અરવિંદભાઈ કાપડિયાએ ચેમ્બરની ૬૯મી વાર્ષિક સાધારણ સભાનો એજન્ડા રજૂ કરીને સભાની મંજૂરી મેળવી હતી.

પદગ્રહણ સમારંભના આરંભે પ્રમુખશ્રી નિલેશભાઈ માંડલેવાળાએ આમંત્રિતોનું સ્વાગત કર્યુ હતું તેમજ વીતેલા વર્ષની કામગીરીનું પ્રેઝન્ટેશન રજૂ કરતાં એ વર્ષને જીવનનું યાદગાર વર્ષ ગણાવ્યું હતું અને વર્ષ દરમિયાન યોજાયેલા પ્રદર્શનો અને અન્ય પ્રવૃત્તિમાં સહભાગી થનારા ચેમ્બરના હોદ્દેદારો,ગૃપ ચેરમેનશ્રીઓ અને મેનેજીંગ કમિટીના સભ્યો, ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ અને ચેમ્બરના સ્ટાફના સભ્યોનો આભાર માન્યો હતો.

સમારંભના મુખ્ય મહેમાન માનનીય નાણાંમંત્રી શ્રી પ્રણવ મુખર્જીના વરદ હસ્તે ચેમ્બરના મુખપત્ર 'સમૃધ્ધિ'ના વાર્ષિક અંક તેમજ ચેમ્બરની મેમ્બરશીપ ડિરેકટરીનું વિમોચન થયું હતું.

નવા વરાયેલા પ્રમુખશ્રી ડો. અજોય ભટ્ટાચાર્યએ પદ સ્વિકાર સંબોધનમાં કહયું હતું કે, સામુહિક વિકાસ માટે સામુહિક પ્રયાસો જરૂરી બનશે એ દિશામાં ચેમ્બર પ્રયાસો કરશે. ઉદ્યોગોના પ્રશ્નો પર પણ ધ્યાન અપાશે તેમજ સુરતના એરપોર્ટ તેમજ ઈન્ફ્રાસ્ટ્રકચર તેમજ ફિસ્કલ અને નોનફિસ્કલ ઈસ્યુ પર ધ્યાન અપાશે. તેમણે ચેમ્બર આંતરરાષ્ટ્રિય કક્ષાએ બ્રાન્ડ સુરત તરીકે સુરતને મુકવા માટે પોતાના પ્રયાસો કરશે તેમ જણાવ્યુ હતુ. વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે, ચેમ્બર સુરતના વિકાસ માટે રાજય તેમજ કેન્દ્ર સરકારના સહયોગથી પ્રશ્નોનો ઉકેલ લાવવા કટિબદ્ધ રહેશે.

સમારંભના અતિથિ વિશેષ લાર્સન એન્ડ ટુબ્રોના ચેરમેન તથા મેનેજીંગ ડાયરેકટર શ્રી અનિલભાઈ નાયકે પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતું કે, ભારતનુ અર્થતંત્ર ખૂબ ઝડપથી આગળ વધી રહયુ છે અને તેના સંદર્ભમાં આપણે સૌએ મળીને એક ખૂશહાલ અર્થવ્યવસ્થા ઉભી કરવી જોઈએ, જેમાં સર્વવ્યાપી પ્રગતિને સમાવી શકાય. તેમણે જણાવ્યું હતુ કે, એલ એન્ડ ટી એક ખૂબજ વ્યવસાયીક કંપની છે અને તેમાં તેણે એન્જીનીયરીંગ ક્ષેત્રે રાજય અને રાષ્ટ્રનું નામ ઉજ્જવળ કર્યુ છે. તેમણે જણાવ્યું કે તેઓ સુરતનાજ છે અને સુરત માટે કંઈક કર્યાનો તેમને ખૂબજ આનંદ છે. ચેમ્બરની પ્રવૃત્તિઓને બિરદાવતા તેમણે કહયું હતુ કે, એલ એન્ડ ટી ના અનેકવિધ સામાજીક જવાબદારીઓના કાર્યક્રમો છે જે તે ચેમ્બરની સાથે મળીને ભવિષ્યમાં કરવા માટે તત્પર છે. તેમણે શ્રી પ્રણબ મુખર્જીને ભારતના એક ખૂબજ સક્ષમ અને શકિતશાળી મંત્રી ગણાવતા જણાવ્યું હતુ કે,દાદા અનેકવિધ સંકટોમાંથી વ્યવહારૂ અને સુલેહભર્યુ વાતાવરણ ઉભુ કરવા માટે ખૂબજ સક્ષમ છે અને દેશનું હિત ઉંડે ઉંડે તેમના હૃદયમાં સમાયેલુ છે.

સમારંભના અતિથિ વિશેષ માનનિય આદિજાતિ વિકાસ કલ્યાણ મંત્રી ડો. તુષાર ચૌધરીએ પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતું કે, સુરતનુ ભારતીય અર્થતંત્રમાં એક વિશેષ યોગદાન છે તેમણે જણાવ્યું હતુ કે, વસ્ત્ર તેમજ હિરા ઉદ્યોગમાં સુરતે વિશ્વભરમાં પોતાની એક વિશેષ ઓળખ ઉભી કરી છે અને ભારતની નિકાસમાં પોતાનુ યોગદાન આપી ખૂબજ સકારાત્મક ભુમિકા ભજવી છે. સુરતમાં બેરોજગારી નહીવત છે અને સુરત સતત પ્રગતિના પંથે અગ્રેસર છે. પરંતુ હજી સુધી તેને જોઈએ તેવી એરકનેકટીવીટી મળી નથી, જે એક વિશેષ ધ્યાન માંગી લે એવી ઘટના છે.

સમારંભના મુખ્ય મહેમાન કેન્દ્રિય નાણાંમંત્રી શ્રી પ્રણવ મુખર્જીએ પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતું કે તેઓ સુરતના બહુમુખી વિકાસથી ખૂબજ પ્રભાવીત થયા છે અને તે વિકાસપંથે આગળ વધશે એ નિશ્ચિત વાત છે તેમણે ગુજરાતના લોકોને સમગ્ર દેશ માટે જે માન છે તેનો દાખલો આપતા જણાવ્યું હતુ કે, તેઓશ્રી રાજય સભામાં પ્રથમવાર ગુજરાતના પ્રતિનિધિના રૂપે ગયા હતા. તેવીજ રીતે જયારે એક બંગાલના વતનીએ એક અગ્રગણ્ય ચેમ્બરનો પદભાર સંભાળ્યો છે ત્યારે તે ઘટના સુરતના લોકો તેમજ ગુજરાતની પ્રજાની દરીયાદીલીનો એક નમુનો છે.

દેશની પ્રગતિનો ખ્યાલ આપતા તેમણે જણાવ્યું હતુ કે, જી.ડી.પી. ૭.૫૦% થી ૮ % નો આંક વટાવી જશે અને જો વૈશ્વિક મંદી જો ના હોત તો ૧૦% કરતા પણ વધારે જી.ડી.પી. ભારતની પહોંચમાં હતો. વધુમાં તેમણે જણાવ્યું હતુ કે, રાષ્ટ્રના જી.ડી.પી. માટે કૃષી ઉત્પાદનનુ યોગદાન ખૂબજ અગત્યનુ છે અને તે ૪% થી ૫% નહી હોય તો જી.ડી.પી. ૧૦% નો દર હાસંલ નહી કરી શકે. આર્થિક વિકાસ જો ઈન્કલુસીવ નહી હોય અને રોજગારીની તકો ઉભી નહી કરી શકીએ તો તે વિકાસનો કોઈ વિશેષ ફાયદો નહી થાય, એટલે જ, સરકારે પોતાની યોજનાઓમાં સર્વાંગી વિકાસને પ્રાધાન્ય આપ્યુ છે.

અંતે તેમણે ચેમ્બરના નવા હોદેદારોને પોતાના આશિર્વાદ આપ્યા હતા અને ચેમ્બર વેપાર અને ઉદ્યોગની પ્રગતિમાં કામ કરતુ રહેશે એમ જણાવ્યું હતું.

નવા વરાયેલા ઉપ પ્રમુખ શ્રી રોહિતભાઈ મહેતાએ આભારવિધિ આટોપી હતી.